# BUSINESS મિત્ર

### ટાટા ગ્રૂપ અને IT શેરોમાં મોટું ધોવાણ, રોકાણકારોને રૂ. 1.60 લાખ કરોડનું નુકશાન

# ઈરાન-અમેરિકા તણાવ અને ક્રૂડની ચિંતામાં શેરબજાર તૂટ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 12:** અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ઘટતો નથી, જેથી ક્રુડ ઓઈલના ભાવમાં સુધારો આગળ વધી રહ્યો છે, જેની ગંભીર અસર ભારતીય બજારો ઉપર પડી શકે છે, જેથી આજે બીજા દિવસે પણ શેરબજારમાં નરમાઈ આગળ વધતી જોવા મળી હતી. આ ઉપરાંત, સ્થાનિક ફુગાવાના ડેટા બહાર પાડતા પહેલા રોકાણકારોનું સેન્ટિમેન્ટ સાવચેત રહ્યું હતું. જે વ્યાજદર દ્રષ્ટિકોણ અને બ્રોડર બજારની દિશા પર વધુ સંકેતો પ્રદાન કરે તેવી અપેક્ષા છે. આ સિવાય કોર્પોરેટ કંમાણી પર બજારનું મુલ્યાંકન ચાલુ રાખ્યું હતું.

સેકટર વાઈઝ જોઈએ તો આઈટી, એફએમસીજી અને કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં ઘટાડ થયો હતો, જ્યારે પીએસયુ બેન્ક, મીડિયા અને મેટલ શેરોમાં ઉછાળો જોવાયો હતો.

ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનના રાજીનામાંથી તેના પર દબાણ વધ્યું હતું. ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 650 પોઈન્ટથી વધુ ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી 24250 પોઈન્ટ સુધી તૂટી હતી. બ્રોડર માર્કેટમાં પણ શરૂઆતી ઘટાડો થયા બાદ છેલ્લે રીકવર થઈને સુધારો થયો છે. બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 493.81 લાખ કરોડ હતી, જે ઘટીને રૂ. 492.20 લાખ કરોડ હતી.

બીએસઈ સેન્સેક્સ 187.90 પોઈન્ટ એટલે કે 0.24 ટકા ઘટીને 77966.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78263 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77497 ઘટાડો થઈ રહ્યો હતો. નિફ્ટી 24450 પોઈન્ટની સપાટી તોડીને 24435.95 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 35.75 પોઈન્ટ ઘટી હતી. ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24473 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 24265 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 439.60 પોઈન્ટ એટલે કે 0.77 ટકા વધીને 57885.85 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ટેનેકો કલીનમાં 271.27 ગણા, ગોદરેજ કન્ઝયુમરમાં 23.54 ગણા, ફિનોલેક્સ કેબલમાં 14.49 ગણા, આવાસ ફાઈનાન્સીયલમાં 8.93 ગણા અને પી આઈ ઈન્ડ.માં 5.59 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ટેનેકો કલીન એરમાં 47.79 ગણા, કલ્પતરૂ પ્રોજેક્ટસમાં 23.5 ગણા, ગોદરેજ કન્ઝયુમરમાં 17.75 ગણા, ફિનોલેક્સ કેબલ્સમાં 14.27 ગણા અને પીઆઈ ઈન્ડ.માં 11.55 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં ઘટાડો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.02 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.27 ટકા ઘટાડો નોંધાયો છે. જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યો હતો. બીએસઈ ખાતે 1867 શેરોમાં વધારો થયો હતો, જ્યારે 2462 શેર ઘટ્યો હતો, જ્યારે 222 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઈટી ઈન્ડેકસ 1.54 ટકાનો ઘટાડો નોંધાયો છે. જેમાં ટીસીએસ, ઓરેકલ ફાઈનાન્સીયલ સર્વિસીસ, એલટીએમ, ઈન્ફોસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ્સ, ટેક મહિન્દ્રા, કોફોર્જ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ફુગાવાના ડેટાની જાહેરાત પુર્વે યુરોપિયન બાજરોમાં સુધારો જોવાયો, જે ફેડરલ રિઝર્વના નાણાકીય નીતિના મર્ગ માટેની અપેક્ષાઓને અસર કરી શકે છે. રોકાણકારોએ અંતિમ જુલાઈ ફુગાવાના વાંચનનું મુલ્યાંકન કર્યુ હતું, જેમાં જર્મનીનો મુખ્ય ગ્રાહક ભાવ ફુગાવો વાર્ષિક ધોરણે 2.8 ટકા હતો. જ્યારે એશિયન બજારોમાં મોટા ભાગે સુધારો જોવાયો હતો. કારણ કે રોકાણકારો યુએસ ફુગાવાના મહત્વપુર્ણ અહેવાલની રાહ જોઈ રહ્યા હતા, જે વ્યાજદરો માટે નજીકના ગાળાની દિશા નક્કી કરશે. આશ્ચર્યજનક રીતે ગરમ ફુગાવાનો અહેવાલ સંભવતઃ રોકાણકારોને ચેતવણી આપશે.

### રૂપિયામાં રીકવરી, 12 પૈસા સુધર્યો

ક્રુડ ઓઇલના ભાવમાં સુધારો રહ્યો હતો, પણ આરબીઆઇની દરમ્યાનગીરીના લીધે રૂપિયામાં ધીમો સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 12 પૈસા સુધરીને 95.33ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.45ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.57, પાઉન્ડ 128.82, કેનેડિયન ડોલર 68.58, ઓસ્ટ્રેલિયન ડોલર 67.68, જાપાનીઝ યેન 0.5994 અને સીંગાપોર ડોલર 74.47ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.33 રૂ. |
| યુરો | 109.57 રૂ. |
| પાઉન્ડ | 128.82 રૂ. |
| યેન | 0.5994 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -187.90 | 77966.35 |
| નિફ્ટી | -35.75 | 24435.95 |
| બેન્ક નિફ્ટી | 439.60 | 57885.85 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 2.80 | 1078.50 |
| ભારતી એરટેલ | 1.56 | 1945.00 |
| એસબીઆઇ | 1.50 | 1082.00 |
| જિયો ફાઇ. | 1.31 | 256.05 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.94 | 11891.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 3.93 | 2349.70 |
| મેક્સ હેલ્થકેર | 3.13 | 1007.50 |
| અપોલો હોસ્પિટલ | 1.75 | 8597.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.63 | 3403.60 |
| ટાટા કન્ઝ્યુમર | 1.49 | 1061.90 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ | 1.31 | 1080.00 |
| ભારતી એરટેલ | 1.16 | 1941.20 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.56 | 11836.00 |
| પાવરગ્રીડ | 0.54 | 269.35 |
| રિલાયન્સ ઇન્ડ. | 0.45 | 1327.10 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 3.71 | 2349.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.67 | 3419.00 |
| ટાટા સ્ટીલ | 1.57 | 285.45 |
| લાર્સન ટુબ્રો | 1.19 | 3992.00 |
| ઇટર્નલ | 1.18 | 313.00 |

### HALના પરિણામો ધારણા કરતા પણ જોરદાર

મુંબઇ, તા. 12: સરકારી સંરક્ષણ કંપની એચએએલે જુન કવાર્ટર માટે સારા પરિણામો રજૂ કર્યા છે. કંપનીનો નફો, આવક અને ઇબિટા બજારની અપેક્ષાઓ કરતા વધુ સારા હતા. પરિણામ બાદ શેરમાં પણ વધારો જોવા મળ્યો હતો. કંપનીનો ચોખ્ખો નફો 14.7 ટકા વધીને રૂ. 1580 કરોડ થયો છે. ગત વર્ષના સમાન કવાર્ટરમાં કંપનીનો નફો ઓછો હતો. બજારની રૂ. 1493 કરોડના નફાની અપેક્ષા હતી, તેનાથી કંપનીએ સારૂ પ્રદર્શન કર્યુ છે. કંપનીની આવકમાં 14.4 ટકાનો વધારો થયો છે, જે રૂ. 5515 કરોડ હતા. સર્વેક્ષણમાં રૂ. 5268 કરોડનો અંદાજ હતો.

### જીએચવી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ: ચોખ્ખા નફામાં ૧૩૮%નો વધારો

મુંબઇ, તા. 12: ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇપીસી ક્ષેત્રે ઝડપથી વધી રહેલી જીએચવી ઇન્ફ્રા પ્રોજેક્ટસ લિ.એ જુન કવાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ કવાર્ટરમાં મજબૂત પ્રદર્શન કર્યુ છે. કંપનીની આવક 171.1 ટકા વધીને રૂ. 218.10 કરોડ થઇ છે. જ્યારે ચોખ્ખો નફો બમણાથી વધુ વધીને રૂ. 4.72 કરોડથી 138.35 ટકા વધીને રૂ. 11.25 કરોડ થયો છે. જીએચવી ઇન્ફ્રા પ્રોજેક્ટસના એમડી અજય હંસે જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2027ની શરૂઆત અમારા વિકસતા બિઝનેસ પ્લેટફોર્મની શક્તિ અને ભારતના ઇન્ફ્રાસ્ટ્રચકચર ક્ષેત્રમાં અમારી હાજરીનો વિસ્તાર કરવામાં આપણે કરી રહેલી પ્રગતિને દર્શાવે છે.

### સનશાઇન પિક્ચર્સ લિમિટેડનો આઈપીઓ

સનશાઇન પિક્ચર્સ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 18 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ ઇક્વિટી શેર રૂ. 342થી રૂ. 360 નક્કી કરવામાં આવ્યો છે. આઈપીઓ ગુરુવાર, 20 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે.

# દેશના ટોપ-૩૦૦ ફેમિલી બિઝનેસની વેલ્યુ સાઉદી અરેબિયાના GDP કરતાં પણ વધુ

**બાર્કલેઝ**-હુરુન ઈન્ડિયા લિસ્ટ ૨૦૨૬: ભારતની ટોચની ૩૦૦ ફેમિલી બિઝનેસની સંપત્તિ ૧૩૮ લાખ કરોડ રૂપિયાને પાર; અંબાણી સતત ત્રીજા વર્ષે દેશના સૌથી મૂલ્યવાન બિઝનેસ પરિવાર



મુંબઈ, તા. 12: બાર્કલેઝ પ્રાઈવેટ ક્લાયન્ટ્સ હુરુન ઈન્ડિયા મોસ્ટ વેલ્યુએબલ ફેમિલી બિઝનેસ લિસ્ટ ૨૦૨૬ અનુસાર, ભારતની ટોચની ૩૦૦ પરંપરાગત વ્યવસાયિક સંસ્થાઓનું કુલ મૂલ્ય ૧.૪૬ ટ્રિલિયન ડોલર (આશરે રૂ. ૧૩૮ લાખ કરોડ) પર પહોંચી ગયું છે.

જો આ ૩૦૦ પરિવારોને એક અલગ દેશ ગણવામાં આવે, તો તે વિશ્વનું ૧૮મું સૌથી મોટું અર્થતંત્ર બને. જે નેધરલેન્ડ, સાઉદી અરેબિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને પોલેન્ડ જેવા સમૃદ્ધ દેશોના જીડીપી (GDP) કરતાં પણ વધારે છે.

**અંબાણી પરિવાર પ્રથમ ક્રમે, બિરલા અને જિંદાલનો મોટો ઉછાળો**

રૂ. ૨૫.૮ લાખ કરોડના મૂલ્યાંકન સાથે સતત ત્રીજા વર્ષે પ્રથમ સ્થાને છે. રિલાયન્સનું મૂલ્ય બીજા ક્રમે રહેલા પરિવાર કરતાં પણ ત્રણ ગણું વધારે છે.

કુમાર મંગલમ બિરલા અને પરિવાર (આદિત્ય બિરલા ગ્રૂપ) ૨૬%ના વધારા સાથે રૂ. ૮.૧૪ લાખ કરોડના મૂલ્ય સાથે બીજા સ્થાને પહોંચી ગયો છે.

જિંદાલ પરિવાર ૪૦%ના મોટો ઉછાળા સાથે રૂ. ૮.૦૨ લાખ કરોડના મૂલ્ય સાથે ત્રીજા સ્થાને આવ્યો છે.

**બજાજ પરિવારઃ રૂ. ૭.૭ લાખ કરોડ સાથે ચોથા ક્રમે.**

મહાલક્ષ્મી અને મહિન્દ્રા પરિવારઃ રૂ. ૫.૧૫ લાખ કરોડ સાથે પાંચમા સ્થાને.

ટોપ-૧૦માં સૌથી મોટો કૂદકોઃ અનિલ અગરવાલ પરિવાર (વેદાંત) ૭૫%ના ગ્રોથ સાથે ત્રણ ક્રમનો કૂદકો મારીને છઠ્ઠા સ્થાને પહોંચ્યો છે (રૂ. ૪.૪૫ લાખ કરોડ).

**ટોપ-૧૦ પરિવારો પાસે કુલ સંપત્તિનો અડધો હિસ્સો**

રિપોર્ટ દર્શાવે છે કે સંપત્તિનું કેન્દ્રીકરણ ખૂબ મોટું છે. લિસ્ટના ટોચના ૧૦ પરિવારો પાસે કુલ રૂ. ૭૦.૫ લાખ કરોડનું મૂલ્ય છે, જે તમામ ૩૦૦ પરિવારોની કુલ સંપત્તિના ૫૧% જેટલું થાય છે. આ સિવાય, દેશમાં હવે ૨૩૦ એવા પરિવારો છે જેમના બિઝનેસની વેલ્યુ ૧ બિલિયન ડોલર (આશરે રૂ. ૮,૩૦૦ કરોડ) કે તેથી વધુ છે.

**રોજગારી અને ટેક્સમાં મોટું યોગદાન**

**આ ૩૦૦ પરિવારો ભારતીય અર્થતંત્રના મુખ્ય ગ્રોથ એન્જિન છેઃ**

રોજગારીઃ ૫૪ લાખથી વધુ લોકોને રોજગારી આપે છે (જે ન્યુઝીલેન્ડની કુલ વસ્તી કરતાં પણ વધુ છે).

રેવન્યુ અને નફોઃ રૂ. ૫૬ લાખ કરોડનું ટર્નઓવર અને રૂ. ૫.૬ લાખ કરોડનો ચોખ્ખો નફો.

ટેક્સમાં ફાળોઃ દેશના કુલ કોર્પોરેટ ટેક્સ કલેક્શનમાં આ પરિવારોનો હિસ્સો ૧૭% (રૂ. ૧.૯ લાખ કરોડ) જેટલો છે.

**ફર્સ્ટ-જનરેશન પરિવારોમાં અદાણી મોખરે**

પ્રથમ વખત આ રિપોર્ટમાં ૧૦૦ ફર્સ્ટ-જનરેશન (પ્રથમ પેઢીના) બિઝનેસ પરિવારોનો અલગથી સમાવેશ કરાયો છે.

આ ગ્રુપમાં ગૌતમ અદાણી અને પરિવાર રૂ. ૧૯.૬ લાખ કરોડ સાથે સૌથી આગળ છે.

ત્યારબાદ સુનિલ ભારતી મિત્તલ (રૂ. ૧૨.૧ લાખ કરોડ) અને દિલીપ સંઘવી પરિવાર (રૂ. ૪.૫૫ લાખ કરોડ)નો સમાવેશ થાય છે.

આ દર્શાવે છે કે ભારતમાં સંપત્તિનું સર્જન હવે માત્ર પરંપરાગત ઘરાનાઓ પૂરતું સીમિત નથી રહ્યું.

**મુંબઈ ફેમિલી-બિઝનેસ કેપિટલ, નેતૃત્વમાં મહિલાઓ અને પ્રોફેશનલ્સ**

મુખ્ય મથકઃ સૌથી વધુ ૯૫ બિઝનેસ પરિવારોના મુખ્ય મથક મુંબઈમાં છે. ત્યાર બાદ દિલ્હી-NCR (૫૮) અને કોલકાતા (૨૬) આવે છે.

મહિલા નેતૃત્વઃ ૧૮ મુખ્ય કંપનીઓનું નેતૃત્વ મહિલાઓ કરી રહી છે, જેમાં હિન્દુસ્તાન ઝિંકના પ્રિયા અગરવાલ હેબ્બાર અને HCL ટેકનોલોજીના રોશની નાદર મલ્હોત્રા અગ્રણી છે.

પ્રોફેશનલ CEOઃ ૭૧ કંપનીઓનું સંચાલન હવે પ્રોફેશનલ સીઈઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# ભારતની વેપાર ખાધ ૫ મહિનાની ટોચે

**છતાં** ચિંતાની જરૂર નથીઃ સરકારની સ્પષ્ટતા વધતી આયાત મજબૂત અર્થતંત્ર અને ઔદ્યોગિક વિકાસની નિશાની

**ટ્રેડ** ડેફિસિટ વધવા છતાં ભારતની નિકાસ ઓલ-ટાઈમ હાઈ

મુંબઈ, તા. 12: જૂન મહિનામાં ભારતની વેપાર ખાધ વધીને પાંચ મહિનાની ટોચે પહોંચી છે. જૂન 2026 માં ભારતે 30.4 અબજ ડોલરની વેપાર ખાધ નોંધાવી હતી, જે પાછલા 12 મહિનામાં સરેરાશ માસિક ખાધ $29.3 અબજ ડોલર હતી. જો કે સરકાર કહે છે કે ચિંતા કરવાનું કોઈ કારણ નથી.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે સંસદમાં આપેલા જવાબમાં જણાવ્યું હતું કે જૂન મહિનામાં ભારતની વેપાર ખાધ પાંચ મહિનાની ઉંચી સપાટીએ પહોંચી ગઈ હોવા ચિંતાનું કારણ નથી અને કહ્યું છે કે માસિક આંકડો મોટાભાગે તાજેતરના સરેરાશ સાથે સુસંગત છે અને વધુ આયાત મોટાભાગે વધતી જતી અર્થવ્યવસ્થાની જરૂરિયાતોને દર્શાવે છે.

"એક મહિનાની ખાધ, એકંદર વેપારને પ્રદર્શિત કરતી નથી કેમકે તેમાં કેટલીક ચીજવસ્તુઓ મોસમને હિસાબે પણ વધઘટ થતી હોય છે. સરકારે નિકાસ તરફ પણ ધ્યાન દોર્યું, જે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં રેકોર્ડ સ્તરે પહોંચી. નાણાકીય વર્ષ 27 ના પ્રથમ ક્વાર્ટરમાં વેપારી માલની નિકાસ વાર્ષિક ધોરણે 16.1 ટકા વધીને $129.6 બિલિયન થઈ, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં $111.6 બિલિયન હતી.

ભારતની આયાતમાં ક્રૂડ ઓઈલ, ઈલેક્ટ્રોનિક સામાન, મશીનરી અને મૂડી માલ, સોનું અને કિંમતી પથ્થરો, ખાતરો અને અન્ય મધ્યવર્તી માલનો નોંધપાત્ર હિસ્સો છે, એમ તેમાં જણાવાયું છે. આ આયાતો સ્થાનિક વપરાશ, ઊર્જા સુરક્ષા, ઉત્પાદન, માળખાગત વિકાસ અને ઔદ્યોગિક વિસ્તરણને ટેકો આપે છે.

### યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

### તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૧૦૦ |
| એસ-૩૦ | ૫૦૦૦ |

### સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૧૫૮૪૯૦ |
| તેજાબી સોનું | ૧૫૮૪૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૦૫૭૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૫૩૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૮૪૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૩૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૪૮૦૦ |

### સુડોકુ ૬૦૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | | | ૫ | ૨ | ૬ | | ૭ |
| | | | | | ૪ | ૯ | | |
| | ૪ | ૯ | | ૭ | ૩ | ૫ | ૧ | ૨ |
| | ૬ | ૪ | ૭ | ૮ | | | | ૫ |
| ૧ | ૫ | | ૪ | | ૬ | ૩ | | |
| ૭ | ૯ | ૨ | ૫ | | ૧ | | | |
| ૪ | ૧ | | ૨ | | | | ૬ | |
| | ૮ | ૬ | ૩ | | | ૨ | ૫ | |
| ૫ | | ૩ | ૧ | ૬ | ૮ | | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**અતિસાર**

સૂંઠ, વરિયાળી અને ખસ ખસ, દરેક 20 - 20 ગ્રામ લઈ ચમચી ઘી નાંખી સેકો. છૂંદીને ચૂર્ણ કરો. તેમાંથી એક એક ચમચી ત્રણ વાર આપો.

### આજનું પંચાંગ

**તા. 13/08/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિઃ** સુદઃ એકમ : 21:43
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** દિનાંક શ્રાવણ:22
**કરણઃ** કિસ્તુઘ્ન **નક્ષત્ર :** મઘા
**રાશિઃ** સિંહ (મ.ટ.)
**દિવસ :** સામાન્ય શિવ પૂજન પ્રારંભ : બૃહસ્પતિ પૂજન
**સુરતમાં સૂર્યોદય :** 06:18 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:09 **નવકારસી :** 07:06
**પારસી વર્ષ :** 1395 ગાથા-4- વોહુખશત્ર
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 29મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુકાળઃ** બપોરે : 13:30 થી 15:00 સુધી

### આપની આજ
જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** પોતાના કામમાં સાવધાની રાખવી નવા રોકાણમાં ધીરજ રાખવી. શુભ સમાચાર મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ.

**વૃષભ (બ,વ,ઉ,):** કામનો બોજ અને બહારના કામની જવાબદારી વ્યસ્તતા વધારશે. ઘરમાં અશાંતિજનક વાતાવરણ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરી ધંધા માટે નવી તક મળે. અચાનક પ્રવાસ થાય. આત્મવિશ્વાસ વધે. જીવનસાથીનો સાથ મળે.

**કર્ક (ડ,હ,):** પરિવારમાં તાલમેળ રાખવો પડશે. સામાજીક આરોગ્ય બાબતે ચોક્કસ બનશે. નોકરીમાં નવી તક મળે. આવક વધે.

**સિંહ (મ,ટ,):** પડવા-વાગવાથી સાવધાન. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નોકરીમાં નવી તક મળે. આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** જૂના મિત્રોને મળવાનું બને. આરોગ્ય નરમ રહે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમાં અશાંતિ પેદા થાય. નવા રોકાણથી લાભ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરી ધંધામાં દોડધામ મહેનત વધશે. ઉપરી વર્ગ સાથ મળે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** અચાનક શુભ સમાચાર મળે. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય.

**મકર (ખ,જ,):** ગુપ્તમય સતાવે. આરોગ્ય નબળુ રહે. અચાનક ખર્ચા વધશે. ચોર-લૂંટારુથી સાવધાન રહેવું.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નવી ભાગીદારીની યોજનામાં પ્રગતિ થાય. કોર્ટ-કચેરીમાં વિઘ્નો આવે. સામાજીક પ્રશ્નો સતાવે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ખાવા-પીવા પર કાબૂ રાખવો પડશે. નવા લોકોથી સાવધાન નોકરીમાં જવાબદારી વધશે.

### કોઈ પણ સાલમાં 13 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં ઉપરી વર્ગનો સાથ મળશે. સમાજમાં માન વધે. સામાજિક કામમાં યશ મળે. સમાજ-પરિવાર-કુટુંબની અપેક્ષાઓ પ્રમાણે કમિથી દોડધામ અને આરોગ્ય બાબતે પ્રશ્નો પેદા થશે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. ઉંમર લાયકના વિવાહ થાય. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકૂળતા વધશે. સંતાનોના કામ, કેરીયર, અભ્યાસ પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિથી ઉત્સાહ વધશે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં કાયદાકીય મદદ મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે. ટેકનોલોજીથી રાહત અને નવે શીખવા મળે. આવક વધારવાની યોજનામા મિત્રોનો સાથ મળશે. વેપાર-ધંધા-વ્યવસાય નોકરી અને સામાજીક બાબતોમાં હરીફો સતાવશે. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ રવિ-સોમ-બુધવાર 04,13,22,31 તારીખે-ડિસેમ્બર શનિ-શુક્રવાર 07,16,25 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો.

# ભારતમાં ઈથેનોલનું ઉત્પાદન 800 કરોડ લિટરને વટાવી ગયું

**શેરડીને** બદલે હવે મકાઈ-અનાજની બોલબાલા

મુંબઈ, તા. 12: ભારતનું ઈથેનોલ ઉત્પાદન 2025-26 પુરવઠા વર્ષ માટે 800 કરોડ લિટરને વટાવી ગયું છે. મકાઈ અને ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI)ના વધારાના અનાજ આધારિત ફીડસ્ટોક્સ હવે ઉત્પાદનના 76 હિસ્સો ધરાવે છે, જે શેરડીનો ઘટી રહેલો ફાળો દર્શાવે છે. રોકાણકારો માટે, આ વૈવિધ્યકરણ ફીડસ્ટોકને લગતા જોખમોને તો મેનેજ કરે છે પરંતુ નફાના માર્જિન અને કાચા માલના ખર્ચને લગતા નવા વેરીએબલ્સને પણ સામે લાવે છે.

800 કરોડ-લિટરના આંકને વટાવી ભારતે તેના બાયોફ્યુઅલ રોડમેપમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ ઉત્પાદન ક્ષમતા રાષ્ટ્રીય મિશ્રણ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે ઉદ્યોગની ઝડપથી સ્કેલ કરવાની ક્ષમતા દર્શાવે છે.

જો કે, રોકાણકારો અને બજાર નિરીક્ષકો માટે, સૌથી મહત્વપૂર્ણ વિકાસ ઉત્પાદન મિશ્રણમાં નાટકીય પરિવર્તન છે, જેમાં અનાજ-આધારિત ફીડસ્ટોક્સ હવે મજબૂત રીતે આગેવાની લઈ રહ્યા છે. જુલાઈમાં, અનાજ આધારિત ફીડસ્ટોક્સે કુલ માસિક ઈથેનોલ ઉત્પાદનમાં આશરે 76 ટકા ફાળો આપ્યો હતો, જ્યારે શેરડીમાંથી મેળવેલા ઉત્પાદનમાં આશરે 24 ટકા ઘટાડો થયો હતો. અત્યારસુધી શેરડીના મોલાસીસ ઈથેનોલ પુરવઠાનો મોટો ભાગ પૂરો પાડતા હતા. ઉદ્યોગ વધુને વધુ મકાઈ અને ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) ના વધારાના અનાજ પર આધાર રાખી રહ્યો છે, જે જુલાઈમાં અનાજ આધારિત પુરવઠાનો મોટાભાગનો હિસ્સો ધરાવે છે.

આ ફીડસ્ટોક પરિવર્તન ખાંડ બજારના અર્થશાસ્ત્ર દ્વારા પ્રેરિત છે. જ્યારે સ્થાનિક ખાંડના ભાવ વધે છે, ત્યારે ખાંડ મિલોને ઘણીવાર ઈથેનોલ બનાવવા માટે રસ અથવા મોલાસીસનો ઉપયોગ કરવાને બદલે બજાર માટે ખાંડનું ઉત્પાદન કરવાનું વધુ નફાકારક લાગે છે.

# VI માટે મર્જર પછીનો પહેલો ચમત્કાર: યુઝર્સ વધતા શેર ૬% ઉછળ્યો

**૬ વર્ષમાં** પહેલીવાર સબસ્ક્રાઇબર્સ વધ્યા

મુંબઈ, તા. 12: ટેલિકોમ સેકટરની અગ્રણી કંપની વોડાફન આઈડિયાએ આજરોજ પ્રારંભિક ટ્રેડિંગ તીવ્ર ખરીદી જોવા મળી હતી. જુન કવાર્ટરનું અપડેટ કંપની માટે ખાસ છે કારણ કે મર્જર પછી પ્રથમ વખત ચોખ્ખા સબસ્ક્રાઈબર્સ કવાર્ટરમાં વધ્યા છે. જે લગભગ શેરની કિંમત 6 ટકાથી વધુ ઉછળીને રૂ. 13.69ના સ્તર સુધી ઉછળ્યો હતો, પણ ઉપલાસ્તરેથી નફાવસુલી જોવા મળી હતી. ગ્લોબલ બ્રોકરેજ નોમુરાના જણાવ્યા અનુસાર વોડાફોન આઈડિયાએ જુન કવાર્ટરમાં લગભગ 3 લાખ નવા સબસક્રાઈબર્સ ઉમેર્યા છે. આ સાથે જ કંપનીના કુલ સબસ્ક્રાઈબર બેઝ વધીને 19.31 કરોડ થઈ ગયા છે. 2018માં વોડાફોન અને આઈડિયાના મર્જર પછીનો આ પહેલો કવાર્ટર છે, જ્યારે કંપનીએ નેટ સબસ્ક્રાઈબર ઉમેરવામાં સકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે.

જુન કવાર્ટરમાં વોડાફોન આઈડિયાની આવક 3.2 ટકા અને વાર્ષિક ધોરણે 6 ટકા વધીને રૂ. 11700 કરોડ પર પહોંચી છે. તેજ સમયે વપરાશકર્તા દીઠ સરેરાશ આવક 1.7 ટકા વધી હતી. જ્યારે ચોખ્ખું દેવું આશરે 1.5 લાખ કરોડ હતુ, જે અગાઉના કવાર્ટરમાં 1.9 લાખ કરોડ રૂપિયાની તુલનામાં 20.5 ટકા ઓછું હતું. વોરન્ટ ઈશ્યુમાંથી મળેલી રકમ પણ આમાં ફાળો આપે છે.

# અંબાણીની જિયો ક્રેડિટમાં બેન્ક ઓફ અમેરિકાનું મોટું રોકાણ

**BofA** 49.9% હિસ્સા માટે રૂ. 18,268 કરોડ ચૂકવશે

**સંયુક્ત** સાહસના બોર્ડમાં જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસ અને BofAનું સમાન પ્રતિનિધિત્વ રહેશે

મુંબઈ, તા. 12 (પીટીઆઈ): જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસ અને અમેરિકાની બેન્ક ઓફ અમેરિકા (BofA)એ બુધવારે મહત્વની ભાગીદારીની જાહેરાત કરી છે. મુકેશ અંબાણી પ્રમોટેડ કંપનીની ધિરાણ શાખા જિયો ક્રેડિટમાં BofA 49.9 ટકા હિસ્સો રૂ. 18,268 કરોડમાં ખરીદશે. આ માટે બંને કંપનીઓએ સંયુક્ત સાહસ કરાર કર્યો છે. BofAની પેટાકંપની NB Holdings પ્રેફરન્શિયલ ઈશ્યૂ દ્વારા રૂ. 6,613 કરોડમાં 4.29 કરોડ શેર ખરીદશે, જેનાથી તેને 26.50 ટકા હિસ્સો મળશે. ત્યારબાદ રૂ. 11,655 કરોડમાં 7.56 કરોડ વોરન્ટ્સ ખરીદશે. આ વોરન્ટ્સ 18 મહિનામાં શેરમાં રૂપાંતરિત થઈ શકશે. રૂપાંતરણ બાદ BofA પાસે જિયો ક્રેડિટનો 49.90 ટકા હિસ્સો રહેશે.

માત્ર બે વર્ષ પહેલાં શરૂ થયેલી જિયો ક્રેડિટે 30 જૂન, 2026 સુધીમાં રૂ. 30,667 કરોડની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (AUM) ઊભી કરી છે. કંપની હાલમાં નાના વ્યવસાયો અને રિટેલ ગ્રાહકોને હોમ લોન સહિતની સેવાઓ આપે છે.

મુકેશ અંબાણીએ આ ભાગીદારીને 'વ્યૂહાત્મક ભાગીદારી' ગણાવી હતી. BofAના CEO બ્રાયન મોયનિહાને ભારતને વિશ્વના મહત્વપૂર્ણ વિકાસ બજારોમાંનું એક ગણાવ્યું હતું.

આ સોદો નિયમનકારી મંજૂરીને આધીન છે. સંયુક્ત સાહસના બોર્ડમાં જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસ અને BofAનું સમાન પ્રતિનિધિત્વ રહેશે. જિયો ક્રેડિટનું હાલનું મેનેજમેન્ટ જ કંપનીની કામગીરી અને વ્યૂહરચના સંભાળશે. અગાઉ જિયો ફાઈનાન્શિયલ સર્વિસે મ્યુચ્યુઅલ ફંડ માટે બ્લેકરોક અને વીમા ક્ષેત્રે એલિયાન્ઝ સાથે ભાગીદારી કરી છે.

# સોનું સતત 7 દિવસની તેજીમાં રૂ. 12,000થી વધુ ઉછળ્યું

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ) સોનાની તેજીની આગેકૂચ સતત સાતમા સત્રમાં પણ ચાલુ રહી હતી. વૈશ્વિક સ્તરે મજબૂત માંગ અને રોકાણકારોના આકર્ષણને કારણે બુધવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાનો ભાવ રૂ. 2,600ના ઉછાળા સાથે પ્રતિ 10 ગ્રામ રૂ. 1.59 લાખ પર પહોંચી ગયો હતો.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, 99.9 ટકા શુદ્ધતા ધરાવતી આ કિંમતી ધાતુ મંગળવારના બંધ સ્તર રૂ. 1,57,200થી રૂ. 2,600 વધીને પ્રતિ 10 ગ્રામ રૂ. 1,59,800 (તમામ ટેક્સ સહિત) થઈ ગઈ છે. આ તાજેતરની તેજીને કારણે 3 ઓગસ્ટના રોજ પ્રતિ 10 ગ્રામ રૂ. 1,47,400ના સ્તરથી સોનાના ભાવમાં રૂ. 12,400 અથવા 8.4 ટકાનો વધારો થયો છે. ચાંદી પણ આ બુલિયન તેજીમાં જોડાઈ છે. અગાઉના સત્રમાં પ્રતિ કિલો રૂ. 2,42,000ના ભાવ સામે આ સફેદ ધાતુ રૂ. 4,000 ઉછળીને પ્રતિ કિલો રૂ. 2,46,000 (તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ છે.